બાળકોનું બાઈબલ
રજૂ કરે છે :

# ઈસુએ બાર સહાયકો (શિષ્યો) ને પસંદ કર્યા



લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Byron Unger; Lazarus

અનુકૂલન : E. Frischbutter; Sarah S.

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

નિર્માતા : Bible for Children
www.M1914.org

©2017 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.

ઈસુએ અદ્‌ભૂત બાબતો કરી. તેણે ઘણા રોગો મટાડ્યા. લોકોના મનમાં તથા હૃદયમાં દુઃખ હતું, તેમને શાંતિ આપી, અને ઈશ્વરનાં વચનો શિખવ્યા.



લોકોના ટોળા ઈસુની પાસે મદદ તથા
સાજા થવા માટે આવ્યા.



તેણે તેની પાસે આવેલા લોકોમાંથી ઘણા અનુયાયીઓને પસંદ કર્યા, જેથી તેઓ તેને ઈશ્વરની સેવા કરવામાં સહાય કરે.



શું તમારે કાંઈ અગત્યના નિર્ણય કરવાનો હોય તો
તમે ઈશ્વરને પ્રાર્થના કરશો?
ઈસુએ એવું જ કર્યું. શાંત
પહાડ વચ્ચે જઈને તેમણે
સ્વર્ગીય પિતા સાથે વાત
કરી. સૂર્યાસ્ત થયો ત્યાં
સુધી તેમણે પ્રાર્થના કરી.




ઈસુએ રાત્રીના
અંધકાર દરમ્યાન
આખી રાત
પ્રાર્થના કરી.

સવારે તેણે પોતાના અનુયાયીઓને કે જેઓ તેના મિત્રો હતા, જેઓ તેની સેવા કરીને તેની આજ્ઞા પાળતા હતા, તેઓને બોલાવ્યા.



તેઓમાંથી તેણે બાર વ્યક્તિઓને તેમના મદદનીશ તથા પ્રેરિતો થવા માટે પસંદ કર્યા.



ઈસુએ પ્રથમ પસંદગી કરી તેમાં બે ભાઈઓ જેના નામ પીતર અને આન્દ્રિયા હતું, તેમને પસંદ કર્યા. જ્યારે ઈસુએ તેમને નોતર્યા હતા ત્યારે તેઓ માછીમારીનો ધંધો કરતા હતાં, તે મૂકીને



યાકૂબ અને યોહાન, જેઓ
ઝબદીના દીકરા હતા. તેઓ
પણ પોતાની માછલીઓ પકડવાની જાળને
મૂકીને આવ્યા હતાં.



ઈસુએ ફિલીપ, બર્થોલ્મી, માથ્થી, થોમા, સીમોન
ઝલોતસ આલ્ફીયસનો દિકરો યાકૂબ, યહૂદા જે
યાકૂબનો ભાઈ હતો તેને તથા
યહૂદા ઈસ્કારીઓત કે છેલ્લે
ઈસુનો દુશ્મન
બનવાનો હતો
તેઓને પસંદ
કર્યા.



ઈસુએ તેમને એવું શીખવ્યું કે તેનો અર્થ જેમ
કે ઘર એક સખત પાયા પર
નાંખવામાં આવ્યું હોય.
ગમે તેટલા ભારે તોફાન
આવે તોપણ તે ઘરનો



નાશ થાય નહીં.

પણ જો ઈસુની આજ્ઞાને આધિન ન થાય તો એક રેતી પાયા પર બનાવેલા ઘર સમાન છે. જ્યારે તોફાન આવે છે ત્યારે તે ઘર ઘરસાઈ પડે છે.




ઈસુની અમૂક આજ્ઞાઓ સહેલી ન હતી. “જો
કોઈ વ્યક્તિ તમને જમણા ગાલ પર
તમાચો મારે તો તમારે ડાબો પણ
આપવો જોઈએ” તેમણે
શીખવ્યું
હતું, ...


... “તમારા દુશ્મનો પર પ્રેમ કરો” લોકોને ઈસુ જેવા જીવવા માટે ઈશ્વરની સહાયની જરૂર પડે.

ઈસુએ તેઓને તે પણ શીખવ્યું કે તેઓ ગુપ્ત રીતે પ્રાર્થના કરે - કારણ કે તે જમાનાના ધાર્મિક લોકો દેખાડો કરવા માટે જાહેર જગ્યાઓ પર પ્રાર્થના કરતાં હતાં, તેવું કરવાની ના પાડી.



ઈસુએ કહ્યું કે, જેઓ
ઈશ્વર પર વિશ્વાસ રાખે છે,
તેઓને ઈશ્વર ભોજન તથા
કપડાં પૂરા પાડશે.



જેમકે ઈશ્વર પંખીઓને ખોરાક
અને ખેતરના ઘાસ અને ફૂલને
સુંદર રંગ આપી જાણતા તો હોય
તો, તેના પર વિશ્વાસ આપનારને તે
બધા વાના પૂરા પાડનાર છે.



તે દિવસે ઈસુએ તેણે નવા પસંદ
કરેલા મદદનીશોને ઘણી બાબતો
શીખવી. જ્યારે તે વાતો પતી ગઈ
ત્યારે એક કોઢીયો ઈસુ પાસે
આવ્યો ને તેને સાજો કરવા માટે
વિનંતી કરવા લાગ્યો.



ઈસુએ જવાબ આપ્યો,
“હું તને ચોક્કસ સાજો
કરીશ, શુદ્ધ થા” તેના
શિષ્યો જોતા હતા
તેટલામાં તો એ કોઢીયો
સંપૂર્ણ શુદ્ધ થઈ ગયો.



તે સાજો થઈ ગયો!
ફક્ત ઈશ્વરનો પુત્ર જ
તે કરી શકતો હતો. આ
ચેલાઓને ખબર હતી
કે તેઓનો પ્રભુ એક
અજાયબ વ્યક્તિ હતો.



# ઈસુએ બાર સહાયકો (શિષ્યો) ને પસંદ કર્યા

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

માથ્થી ૪-૭, માર્ક ૧, લુક ૬

"તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે."
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦


સમાપ્ત

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ
બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા
મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે
પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે
વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે.
ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે
તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની
માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે
તમારી પાસે હૃદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે
અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો  તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે
મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી
તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો.
જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી
શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું
તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ
વાત કરો યોહાન ૩:૧૬